ટર્બ્યુલન્સનો ભોગ બનેલી એર-ઈન્ડિયા ફ્લાઈટના પાયલોટનો ડોપ ટેસ્ટ પોઝિટિવ

નશીલો પદાર્થ લઇને વિમાન ઉડાડ્યું હોવાની શંકા, જો કે હજી વધારાના ટેસ્ટનું પરિણામ બાકી

નવી દિલ્હી, તા. ૯: ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન(DGCA)એ રવિવારે પુષ્ટિ કરી છે કે,હાલમાં ફૂકેટથી દિલ્હીની મુસાફરી દરમિયાન ભારે ટર્બ્યુલન્સ અને અચાનક ઊંચાઈ ગુમાવવાનો સામનો કરનાર એર ઈન્ડિયાની ફ્લાઈટના પાયલટ-ઇન-કમાન્ડનો સ્ક્રીનિંગ ટેસ્ટ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે, જેના કારણે હવે કન્ફર્મેટરી એનાલિસિસ કરવાની જરૂર પડી છે.

ઉડ્ડયન નિયંત્રકે એ પણ જાહેરાત કરી છે કે આ ઘટનાને હવે ગંભીર ઘટના તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે અને એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો દ્વારા તેની તપાસ કરવામાં આવશે, જે ઉડ્ડયન અકસ્માતો અને ઉડ્ડયનને લગતી ગંભીર ઘટનાઓની તપાસ કરતી ભારતની સર્વોચ્ચ સંસ્થા છે. આ અગાઉ, સૂત્રોએ જણાવ્યું હતું કે ફ્લાઈટ પછીના નશીલા પદાર્થના ટેસ્ટ પછી બેમાંથી એક પાયલટનો વધારાનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો, જ્યારે તપાસનું પરિણામ ન આવે ત્યાં સુધી બંને પાયલટોને ફ્લાઈંગ ડ્યુટી પરથી હટાવી દેવામાં આવ્યા છે.

એક સત્તાવાર નિવેદનમાં, DGCA એ જણાવ્યું કે 4 ઓગસ્ટના રોજ ફૂકેટથી દિલ્હી જઈ રહેલી એરબસ A320 (VT-EXO) દ્વારા સંચાલિત એર ઈન્ડિયાની ફ્લાઈટ AI2379 એ ક્રૂઝિંગ (સામાન્ય ઉડાન) દરમિયાન અચાનક અંદાજે 300 ફૂટની ઊંચાઈ ગુમાવી દીધી હતી. જો કે, વિમાન બાદમાં સ્થિર થઈ ગયું હતું અને દિલ્હીમાં સુરક્ષિત રીતે લેન્ડ થયું હતું. આ ફ્લાઈટમાં ત્રણ શિશુઓ સહિત 137 મુસાફરો અને આઠ ક્રૂ મેમ્બર્સ (જેમાં બે પાયલટ અને છ કેબિન ક્રૂ સામેલ હતા) સવાર હતા. ટર્બ્યુલન્સ દરમિયાન કેટલાક મુસાફરો અને ક્રૂ મેમ્બર્સને ઈજાઓ થઈ હતી. આવી ઘટનાઓ બાદના સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર(SOP)ના ભાગ રૂપે, બંને પાયલટોના ફરજિયાત સાયકોએક્ટિવ સબસ્ટન્સ સ્ક્રીનિંગ કરવામાં આવ્યા હતા.

દાવાનળને કારણે કેનેડાના બ્રિટિશ કોલંબિયામાં કટોકટી જાહેર

વિસ્ફોટક દાવાનળને કારણે 22,000 લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી, અન્ય 9700વે ચેતવણી અપાઇ

12000 લોકો જ્યાં રહે છે તે સમરલેન્ડના સમગ્ર સમુદાયને રાતોરાત ખાલી કરાવવાનો આદેશ અપાયા

વિક્ટોરિયા, તા. 09 : બ્રિટિશ કોલંબિયામાં ઝડપથી આગળ વધી રહેલી જંગલની આગને કારણે સત્તાવાળાઓએ કટોકટીની સ્થિતિ જાહેર કરી હોવાથી લગભગ 22,000 લોકોને સ્થળાંતર કરવાના આદેશો આપવામાં આવ્યા છે, અને અન્ય 9,700 લોકોને ચેતવણી આપવામાં આવી છે કે તેઓ તેમના ઘર છોડીને ભાગી જવા માટે તૈયાર રહે.

પ્રીમિયર, ડેવિડ એબીએ, સમગ્ર પ્રાંતમાં 100 થી વધુ જંગલી આગ લાગવાથી કટોકટીની જાહેરાત કરી હતી , જેમાંથી લગભગ અડધા ગરમ, પવનયુક્ત હવામાન અને લાંબા દુષ્કાળને કારણે કાબુ બહાર ગયા હતા.

સમરલેન્ડના સમગ્ર સમુદાય, જેમાં લગભગ 12,000 લોકો રહે છે, ને રાતોરાત ખાલી કરાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો, તેમજ નજીકના પીચલેન્ડ અને તેની આસપાસના લગભગ 8,000 લોકો પણ હતા. અધિકારીઓએ નક્કી કર્યું ન હતું કે કેટલા ઘરો નાશ પામ્યા છે. એક પ્રેસ બ્રીફિંગમાં, એબીએ કહ્યું કે એક ફાયર અધિકારીએ આગને "બોમ્બ ફૂટવા જેવી" ગણાવી હતી.

એબીએ જણાવ્યું હતું કે કેટલાક રહેવાસીઓ ફસાયા હતા અને તેમને બચાવવા પડ્યા હતા, જ્યારે શોધ અને બચાવ ટુકડીઓ ફાયર લાઇન પાછળ અન્ય કોઈને શોધવાનું ચાલુ રાખ્યું હતું જે કદાચ ફસાયા હશે. મને ખબર છે કે ઘણા પરિવારો આજે અકલ્પનીય દિવસનો સામનો કરી રહ્યા છે," એબીએ કહ્યું. "લોકોએ પોતાના ઘર ગુમાવ્યા છે. અને ઘણા લોકો વિસ્થાપિત થયા છે. અન્ય લોકો પ્રિયજનો વિશે સમાચારની રાહ જોઈ રહ્યા છે."

બીસી વાઈલ્ડફાયર સર્વિસના વાઈલ્ડફાયર ઓપરેશન્સના ડિરેક્ટર ક્લિફ ચેપમેને જણાવ્યું હતું કે જે લોકો હવે રસ્તા દ્વારા ભાગી શકતા નથી તેમને બચાવવા માટે ફાયર ફાઈટિંગ હેલિકોપ્ટર ડાયવર્ટ કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે આગ પર પ્રતિક્રિયા આપતી એજન્સીઓ વચ્ચે સહયોગ વિના પરિણામ નોંધપાત્ર રીતે ખરાબ હોત.

બાલ્ડ રેન્જના જંગલમાં આગની પહેલીવાર શુક્રવારે સાંજે જાણ કરવામાં આવી હતી અને તે થોડા કલાકોમાં લગભગ 50 ચોરસ કિમી (19 ચોરસ માઈલ) સુધી વધી ગઈ હતી, જેણે ફોલ્ડરના નાના સમુદાયને ઘેરી લીધો હતો અને સમરલેન્ડ સુધીનો આશરે 15 કિમી (9 માઈલ) વિસ્તાર અસાધારણ ઝડપે આવરી લીધો હતો.

અમેરિકન સૈન્યને હથિયારોની ભારે અછત, પેન્ટાગોને સ્વીકાર્યો 'ખતરો'

અમેરિકન સંરક્ષણ વિભાગે ડિફેન્સ કંપનીઓને ઠપકો આપ્યો, ઝડપથી દારૂગોળો બનાવવા આદેશ

વોશિંગ્ટનઃ તા. 09ઃ પેન્ટાગોન (અમેરિકી સંરક્ષણ વિભાગ) દેશની ડિફેન્સ ઇન્ડસ્ટ્રી પર હથિયારોનું પ્રોડક્શન ઝડપી બનાવવા માટે દબાણ કરી રહ્યું છે. કંપનીઓને પ્રોડક્શન વધારવા માટે કહેવામાં આવી રહ્યું છે જેથી દારૂગોળો અને બીજા હથિયારોના ઝડપથી ઘટેલા સ્ટોકને ભરી શકાય. જેમાં ઈરાન સાથે ચાલી રહેલી લડાઈમાં ઉપયોગમાં લેવાયેલા હથિયારો પણ સામેલ છે. પેન્ટાગોનનો આ પ્રયાસ એવા સમયે સામે આવ્યો છે, જ્યારે અમેરિકાના એર ડિફેન્સ સિસ્ટમ પર દબાણની ચર્ચા છે.

પેન્ટાગોન પ્રવક્તા શૉન પાર્નેલે શનિવારે કહ્યું હતું કે, વિભાગ દારૂગોળાની ખરીદી વધારવા પર કામ કરી રહ્યો છે જેથી આપણા સૈનિકોને જરૂરિયાત મુજબ હથિયારો મળી શકે. તેમણે આ પ્રક્રિયાને ઝડપી બનાવવાના વિભાગના પ્રયાસોની પુષ્ટિ કરતાં કહ્યું કે, આ આધુનિકીકરણના એ પ્રયાસનો ભાગ છે, જે પાંચ મહિનાથી ચાલી રહેલા સંઘર્ષ (ઈરાન યુદ્ધ) પહેલા જ શરૂ થઈ ગયો હતો.

ધ વોશિંગ્ટન પોસ્ટને મળેલા એક મેમો અનુસાર, ડેપ્યુટી ડિફેન્સ સેક્રેટરી સ્ટીવ ફીનબર્ગે બુધવારે ઇન્ડસ્ટ્રીના નેતાઓને પત્ર લખીને તેમને 21 દિવસથી વધુનો સમય આપ્યો નથી. આ દરમિયાન જ તેમણે મહત્ત્વપૂર્ણ ક્ષમતાઓ માટે ડિલિવરી શેડ્યૂલને ખૂબ ઝડપી અને આક્રમક બનાવવા અથવા પ્રોડક્શન વધારવાની યોજનાઓ તૈયાર કરીને સબમિટ કરાવવાની રહેશે. ફીનબર્ગે લખ્યું, વર્ષો સુધી ચાલતી ડેવલપમેન્ટ સાઈકલ સ્વીકાર્ય નથી. અમારે અમારા પ્રોગ્રામ શેડ્યૂલને ઝડપી બનાવતા પ્રોડક્શન ક્ષમતા વધારવી પડશે. આ મેમો એવા સમયે આવ્યો છે, જ્યારે ઈરાન સાથેની લડાઈમાં અમેરિકી સેનાના એડવાન્સ્ડ મિસાઈલ ઇન્ટરસેપ્ટરનો સ્ટોક ઘટી ગયો છે. લડાઈ ફરી શરૂ થવા પર અમેરિકી સૈનિકો માટે ખતરો વધી શકે છે. વોશિંગ્ટનના થિંક ટેન્ક સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઇન્ટરનેશનલ સ્ટડીઝ અનુસાર, પેટ્રિયોટ અને થાડ ઇન્ટરસેપ્ટરનો સ્ટોક ઓછો થવાથી અમેરિકા અને ખાડીના તેના સહયોગી દેશોને એર ડિફેન્સ સિસ્ટમને બચાવવાનું જોખમ ઉઠાવવું પડી શકે છે.

મોજતબા ખામેનેઈનો વીડિયો ઈરાનની સરકારી ન્યૂઝ એજન્સીએ જારી કર્યો

૧૨ સેકન્ડની ક્લિપમાં ઇરાનના સર્વોચ્ચ નેતા તંદુરસ્ત દેખાય છે

જો કે વીડિયો ક્યારે અને ક્યાં શૂટ કરાયો તે સ્પષ્ટ નહીં

દુબઇ, તા. ૯ઃ ઈરાનના નવા સુપ્રીમ લીડરના સ્વાસ્થ્ય અંગે ચાલી રહેલી મહિનાઓની અટકળો વચ્ચે ઈરાનની સરકારી નિયંત્રણ હેઠળની મેહર ન્યૂઝ એજન્સીએ મોજતબા ખામેનેઈનો એક તારીખ વગરનો વીડિયો શેર કર્યો છે. ફેબ્રુઆરીમાં થયેલા યુએસ-ઈઝરાયેલના હવાઈ હુમલામાં તેમના પિતા અને પૂરોગામી અલી ખામેનેઈ માર્યા ગયા હતા, ત્યારથી તેઓ જાહેરમાં જોવા મળ્યા નથી.

શનિવારે એજન્સીએ પોતાની વેબસાઈટ પર આ વીડિયો પોસ્ટ કરતા લખ્યું, ક્રાંતિના નેતા સૈયદ મોજતબા ખામેનેઈનો વીડિયો પહેલીવાર જાહેર કરવામાં આવ્યો છે. આ ૧૨ સેકન્ડની ક્લિપમાં મોજતબા સારા સ્વાસ્થ્યમાં અને એક બંધ રૂમમાં કાર્પેટ પર બેઠેલા જોવા મળ્યા હતા. અહેવાલો અનુસાર ૨૮ ફેબ્રુઆરીના હુમલામાં તેમને ચહેરા અને પગમાં ગંભીર ઈજાઓ થઈ હતી. કાળી પાઘડી અને સફેદ કપડાં પર આછા ગ્રે રંગનો ઝભ્ભો પહેરેલા મોજતબા તેમની આસપાસ કાર્પેટ પર બેઠેલા લોકો સાથે વાતચીત કરતા જોવા મળ્યા હતા. જો કે, આ વીડિયો ક્યારે અને ક્યાં શૂટ કરવામાં આવ્યો હતો તે તાત્કાલિક સ્પષ્ટ થઈ શક્યું નથી.

બારામતીમાં ખાનગી તાલીમી વિમાન રનવે પર લપસ્યું, જાનહાનિ ટળી

પુણે, તા. 9 (પીટીઆઈ): મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં આવેલા બારામતી એરસ્ટ્રીપ પર રવિવારે તાલીમ કવાયત દરમિયાન ખાનગી એવિએશન એકેડેમી દ્વારા સંચાલિત એક ટ્રેનર વિમાન રનવે પરથી નીચે ઊતરી ગયું હતું. એમ પોલીસે જણાવ્યું હતું. બપોરે આશરે 12.30 વાગ્યે બનેલી આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે 28 જાન્યુઆરીના રોજ બારામતી એરસ્ટ્રીપ નજીક તત્કાલીન નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને અન્ય ચાર લોકોને લઈ જતું એક ખાનગી ચાર્ટર પ્લેન ક્રેશ થતાં તેમાં સવાર તમામ લોકોનાં મોત થયાં હતાં.

નેપાળના પીએમ શાહ આજે ભારતીય અને ચીની રાજદૂતોને મળશે

કાઠમંડુ, તા. 9 (PTI): વડા પ્રધાન બાલિન્દ્ર શાહ 'બાલેન' સોમવારે નેપાળ સ્થિત ભારતીય અને ચીની રાજદૂતો સાથે દ્વિપક્ષીય સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કરતી અલગ-અલગ દ્વિપક્ષીય બેઠકો યોજવા માટે તૈયાર છે. હોદ્દો સંભાળ્યાના 100 કરતાં વધુ દિવસો પછી આ પ્રકારની પ્રથમ સામસામે રાજદ્વારી મુલાકાતો છે. પહેલા ભારતીય રાજદૂત અને ત્યાર બાદ ચીની સમકક્ષ સાથે મુલાકાત કર્યા પછી શાહ મંગળવારે યુએસ એમ્બેસીના ચાર્જ ડી અફેર્સ સાથે પણ મુલાકાત કરશે. વ્યક્તિગત બેઠકોની લાંબી પરંપરાથી અલગ હટીને જંગી વિજય બાદ 27 માર્ચે શપથ લેનાર શાહે 8 એપ્રિલે સિંહદરબાર ખાતે આવેલા વડા પ્રધાન કાર્યાલયમાં ભારત અને ચીન સહિત 17 જેટલા કાઠમંડુ સ્થિત રાજદૂતો અને રાજદ્વારી મિશનના વડાઓ સાથે સંયુક્ત શિષ્ટાચાર બેઠક યોજી હતી.

JNUએ ઉમર ખાલિદના પુસ્તક પરના કાર્યક્રમને મંજૂરી ન આપી

નવી દિલ્હી, તા. 9 (PTI) જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (જેએનયુ)એ રવિવારે જણાવ્યું હતું કે, 2020ના ઉત્તર-પૂર્વ દિલ્હી રમખાણોના કાવતરાના કેસમાં જેલમાં બંધ તેના ભૂતપૂર્વ વિદ્યાર્થી ઉમર ખાલિદ દ્વારા લખાયેલા પુસ્તક પર જેએનયુએસયુ દ્વારા 9 ઓગસ્ટે યુનિવર્સિટીના ઓડિટોરિયમમાં યોજાનાર ચર્ચા સત્ર માટેની મંજૂરી 'કાર્યક્રમ સંબંધિત પૂરી માહિતી જાહેર ન કરવા' બદલ રદ કરવામાં આવી છે. જેએનયુએસયુએ આક્ષેપ કર્યો હતો કે, આ રદ કરવાનો નિર્ણય વહીવટીતંત્રની મનમાની અને તાનાશાહી નિર્ણય હતો.

લેઝર બીમથી પાઈલટની આંખો અંજાતા વિમાનના લેન્ડિંગમાં વિલંબ

કોલકાતા એરપોર્ટ પર બનેલી ઘટનામાં પાયલોટે ફરી વિમાનને ફરી એક ચક્કર મરાવવું પડ્યું

કોલકાતાઃ તા. 09 : કોલકાતાના નેતાજી સુભાષચંદ્ર બોઝ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક 159 મુસાફરોને લઈ જઈ રહેલી મલેશિયા એરલાઈન્સની ફ્લાઈટ એમએચ-184ના પાઈલટની આંખો લેઝર બીમને કારણે અંજાઈ ગઈ હતી, જેના કારણે પાઈલટને ચક્કર લગાવવા પડ્યા હતા અને બાદમાં સુરક્ષિત લેન્ડિંગ કરાવવું પડ્યું હતું.

એરપોર્ટનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઘટના શનિવારે રાત્રે લગભગ 11.20 વાગ્યે બની હતી. કુઆલાલંપુર-કોલકાતા ફ્લાઈટ રનવેથી અંદાજે આઠ નોટિકલ માઈલ દૂર હતી ત્યારે મધ્યમગ્રામ-બારાસાત દિશામાંથી આવેલો પ્રકાશનો એક ઝબકારો કોકપિટમાં વાગ્યો હતો, જેનાથી ક્ષણભર માટે પાઈલટ વિચલિત થઈ ગયો હતો.

સાઉદી ઓઈલ કેન્દ્ર અને યમનના બંદર પર હુથીઓનો હુમલો

મોખા બંદર પર હુમલામાં સાતનાં મોત, અરામકોની રિફાઇનરી પર હુમલામાં મૃત્યુઆંકની માહિતી નહીં

સના, તા. 9(એપી): યમનના હૂથીઓએ રાતા સમુદ્ર પર આવેલા એક મહત્વપૂર્ણ બંદર પર હુમલો કર્યો છે, જેમાં કેટલાક લોકોના મોત થયા છે અને મધ્ય પૂર્વમાં વ્યૂહાત્મક જળમાર્ગો પરનો સંઘર્ષ વધુ વકર્યો છે. તેઓએ એમ પણ જણાવ્યું હતું કે તેઓએ રવિવારે દક્ષિણ-પશ્ચિમ સાઉદી અરેબિયામાં એક ઓઈલ ફેસિલીટી પર હુમલો કર્યો હતો, જે ઈરાન સમર્થિત બળવાખોરો દ્વારા સાઉદી કિંગડમ પર કરવામાં આવેલો તાજેતરનો નવો હુમલો છે.

દરમિયાન, ઈરાને વાટાઘાટો ફરી શરૂ કરવા અને હોર્મુઝની સામુદ્રધુનીને ફરીથી ખોલવા અંગે નવી માંગણીઓ કરી છે, પેન્ટાગોન અમેરિકી સંરક્ષણ ઉદ્યોગ પર હથિયારોનું ઉત્પાદન ઝડપી કરવા માટે દબાણ કરી રહ્યું છે, અને ઈઝરાયેલ ભારપૂર્વક કહી રહ્યું છે કે જ્યાં સુધી હમાસ નિઃશસ્ત્ર ન થાય ત્યાં સુધી તે ગાઝામાંથી પીછેહઠ નહીં કરે.

યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકાર સાથે જોડાયેલા સૈન્ય દળ 'નેશનલ રેઝિસ્ટન્સ ફોર્સિસ'એ જણાવ્યું હતું કે, રવિવારે રાતા સમુદ્ર પરના એક મહત્વપૂર્ણ બંદર મોખા પર હૂથીઓના હુમલામાં ઓછામાં ઓછા સાત લોકો - ચાર સૈનિકો અને ત્રણ નાગરિકો - માર્યા ગયા હતા અને 15 નાગરિકો ઘાયલ થયા હતા. માહિતી મંત્રાલયના આસિસ્ટન્ટ અંડરસેક્રેટરી ફાયેદ અલ-નોમાને જણાવ્યું હતું કે, હૂથીઓએ બંદર પર મિસાઈલો અને ડ્રોન છોડ્યા હતા, જેનાથી તેની ઈમારતો અને પિયર તેમજ ત્યાં રાખવામાં આવેલા વ્યાપારી માલસામાન અને ખાદ્ય પુરવઠાને ભારે નુકસાન થયું હતું.

મોખા એ યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકાર હેઠળના મુખ્ય બંદરોમાંનું એક છે, જેને તાજેતરના વર્ષોમાં હૂથીઓના કબજા હેઠળના હોડેઈડા બંદરને ટાળીને શિપિંગ હેન્ડલ કરવા માટે નવેસરથી તૈયાર કરવામાં આવ્યું હતું.

હૂથીઓએ પાછળથી આ હુમલાની જવાબદારી સ્વીકારતા જણાવ્યું હતું કે તેઓએ મોટી સંખ્યામાં બેલિસ્ટિક મિસાઈલો અને ડ્રોન ફાયર કર્યા હતા જેણે વિસ્તારમાં લશ્કરી મજબૂતીકરણ અને વેરહાઉસને નિશાન બનાવ્યા હતા.

કેનેડામાં ભારતીય મહિલાની હત્યાના 7 મહિના પછી તેના પાર્ટનરની ધરપકડ

30 વર્ષીય હિમાંશી ખુરાના ટોરોન્ટો સ્થિત એક મકાનમાંથી મૃત હાલતમાં મળી આવી હતી

ટોરોન્ટો, તા. 9 (PTI) સ્થાનિક મીડિયાના અહેવાલ મુજબ, ટોરોન્ટોમાં એક ભારતીય મહિલાની કથિત હત્યા કરવા બદલ 32 વર્ષીય પુરુષની ધરપકડ કરવામાં આવી છે, જે તેનો પાર્ટનર હતો.

સાત મહિનાથી વધુ સમય સુધી ફરાર રહ્યા બાદ શુક્રવારે કેનેડા પરત ફરતાં જ અબ્દુલ ગફૂરીની ટોરોન્ટો એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી હતી. સીબીસી ન્યૂઝના અહેવાલ મુજબ, તેના પર ફર્સ્ટ-ડિગ્રી મર્ડરનો આરોપ મૂકવામાં આવ્યો છે.

કેનેડામાં ફર્સ્ટ-ડિગ્રી મર્ડરના ગુનામાં ફરજિયાત આજીવન કેદની સજા થાય છે, જેમાં 25 વર્ષ સુધી પૂર્ણ પેરોલ મેળવવાની કોઈ પાત્રતા રહેતી નથી. આ કેસ 30 વર્ષીય હિમાંશી ખુરાનાની હત્યા સાથે સંકળાયેલો છે, જે ગયા વર્ષે ડિસેમ્બરમાં ટોરોન્ટો સ્થિત એક મકાનમાંથી મૃત હાલતમાં મળી આવી હતી.

પોલીસે અગાઉ તેના મૃત્યુને હત્યા ગણાવ્યું હતું અને જણાવ્યું હતું કે તે ગફૂરી સાથે ઇન્ટિમેટ પાર્ટનરશિપ સંબંધમાં હતી.

અમેરિકાએ UFO સંબંધિત 41 નવી ફાઈલો જાહેર કરી

વોશિંગ્ટન : યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ, પેન્ટાગોને અગાઉ જાહેર ન કરાયેલી UFO ફાઈલો જાહેર કરી છે. આમાં રહસ્યમય વસ્તુઓના વીડિયો, ફોટોગ્રાફ્સ અને દસ્તાવેજોનો સમાવેશ થાય છે. પેન્ટાગોનની UFO ફાઈલોનો આ પાંચમો હપ્તો છે. આ રિલીઝમાં કુલ 41 ફાઈલો છે, જેમાં એક ડઝન વીડિયો, કેટલાક ફોટોગ્રાફ્સ અને ઘણા PDF દસ્તાવેજોનો સમાવેશ થાય છે. સૌથી જૂનો દસ્તાવેજ 1953નો છે અને છેલ્લો દસ્તાવેજ આ વર્ષનો છે. આનાથી ફરી એકવાર એલિયન મુલાકાત વિશે ચર્ચા શરૂ થઈ છે. આ વીડિયોમાં મધ્ય પૂર્વના રહેણાંક વિસ્તાર પર એક રહસ્યમય ગોળો ઝડપથી ઉડતો જોવા મળે છે. પેસિફિક મહાસાગર પર ફરતા કાળા ગોળાના ફૂટેજ પણ છે, જે ફરીથી દેખાય તે પહેલાં થોડી ક્ષણો માટે ગાયબ થઈ જાય છે.

ઈડીએ અનિલ અંબાણી ગ્રુપની કંપનીઓ સામે 2 કેસમાં ચાર્જશીટ દાખલ કરી

અનિલ અંબાણી ગ્રુપ પર શેલ કંપનીઓ બનાવીને કરોડોની ઉચાપત કર્યાનો આરોપ

નવી દિલ્હી, તા. 9 (PTI) એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ રવિવારે જણાવ્યું હતું કે, તેણે રિલાયન્સ અનિલ અંબાણી ગ્રુપ (આરએએજી)ની કંપનીઓ અને ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ્સ સામે મની-લોન્ડરિંગના બે અલગ-અલગ કેસમાં ચાર્જશીટ દાખલ કરી છે.

પ્રથમ કિસ્સામાં શનિવારે દ્વારકાની સ્પેશિયલ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) કોર્ટ સમક્ષ રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ, રિલાયન્સ ગ્રુપના ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ 70 વર્ષીય સતીશ સેઠ અને અન્યો સામે પ્રાસિક્યુશન ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

સેઠની જૂનમાં ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી અને હાલમાં તેઓ ન્યાયિક કસ્ટડી હેઠળ જેલમાં છે. તેમણે 2025માં રિલાયન્સ ગ્રુપ છોડી દીધું હતું.

બીજો કિસ્સો રિલાયન્સ કમ્યુનિકેશન્સ લિમિટેડ (આરકોમ) ના કેસમાં શનિવારે રાઉસ એવન્યુ ખાતેની સ્પેશિયલ કોર્ટ સમક્ષ ફેડરલ એજન્સી દ્વારા દાખલ કરવામાં આવેલી પૂરક ચાર્જશીટ સંબંધિત છે. આ કેસમાં મુખ્ય ચાર્જશીટ ઈડી દ્વારા માર્ચમાં દાખલ કરવામાં આવી હતી.

એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પીએમએલએ હેઠળ દાખલ કરાયેલી આ પ્રાસિક્યુશન ફરિયાદમાં આરકોમ, રિલાયન્સ ટેલિકોમ લિમિટેડ (રિલ), ભૂતપૂર્વ આરએએજી એક્ઝિક્યુટિવ્સ સેઠ, ગૌતમ દોશી, અમિતાભ ઝુનઝુનવાલા અને અન્ય લોકોને આરોપી બનાવવામાં આવ્યા છે. દોશીની જૂનમાં અને સેઠની જુલાઈમાં ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી અને તેઓ હાલમાં ન્યાયિક કસ્ટડી હેઠળ જેલમાં છે.

દોશીએ 2020માં આરએએજી છોડી દીધું હતું.

અનિલ અંબાણી ગ્રુપના નિવેદનની રાહ જોવાઈ રહી છે. નામ આપવામાં આવેલા ભૂતપૂર્વ આરએએજી એક્ઝિક્યુટિવ્સ તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી મેળવી શકાઈ નથી.

પેજ 3

'ગરમ મસાલા'ની અભિનેત્રી નિકિતા રાવલના હોઠ પર છોકરીનું બળજબરીથી ચુંબન

મુંબઈ, તા. 09 : રેડ કાર્પેટ પર એક ફીમેલ ફેન અચાનક નજીક આવીને હોઠ પર ચુંબન કરી લેતાં એક્ટ્રેસ નિકિતા રાવલ સ્પષ્ટપણે હેરાન અને અસહજ થઈ ગઈ હતી. એક ઈવેન્ટ દરમિયાન એક્ટ્રેસ પાપારાઝી માટે પોઝ આપી રહી હતી, ત્યારે જ તે ફેન તેની પાસે આવીને સેલ્ફીની વિનંતી કરી. નિકિતાએ ખુશી-ખુશી તેની સાથે કેમેરા સામે પોઝ આપ્યો. અચાનક જ મહિલા ફેને પહેલા નિકિતાના ગાલ પર ચુંબન કર્યું, પછી એક્ટ્રેસને પોતાની તરફ ખેંચીને તેના હોઠ પર તસતસતુ ચુંબન કર્યું. વાયરલ વીડિયોમાં નિકિતા આ અચાનક થયેલી હરકતથી ચોંકી ગઈ હતી અને ફેનને રોકવાનો તથા દૂર ધકેલવાનો પ્રયાસ કરતી નજરે પડે છે.

સોનુ નિગમે ઓપરેશન થિયેટરમાં ચાલુ સર્જરી દરમિયાન દર્દભર્યા અવાજે ગીત ગાયું

મુંબઈ, તા. 9 : સિંગર સોનુ નિગમે સોશિયલ મીડિયા પર એક અપડેટ આપ્યું છે. સોનુ નિગમે ઓપરેશન થિયેટરમાંથી પોતાનો વીડિયો શેર કર્યો છે અને આ વીડિયોમાં તેઓ પોતાની સર્જરી કરાવતાં જોવા મળી રહ્યા છે. રસપ્રદ વાત એ છે કે, સર્જરીમાં અતિશય દુખાવા દરમિયાન પણ સોનુ નિગમ પોતાના પેશનને જીવતા જોવા મળી રહ્યા છે. સર્જરી દરમિયાન દુખાવાથી ધ્રૂજતા અવાજમાં સોનુ નિગમ 1949ની ફિલ્મ દુલારીનું મોહમ્મદ રફીનું પ્રખ્યાત ગીત 'સુહાની રાત ઢલ ચૂકી' ગાતો જોવા મળ્યો હતો. આ દરમિયાન ડોક્ટર્સ પોતાનું કામ કરી રહ્યા છે. વીડિયો શેર કરતાં સોનુ નિગમે લખ્યું, "મારી સર્જરી દરમિયાન વ્હાલા ડોક્ટર અને તેમની વ્હાલી ટીમ માટે અચાનક કરેલું એક પરફોર્મન્સ. દુખાવાની વચ્ચે ગાવું... સંગીતનો આનંદ! ગાયિકા શ્રેયા ઘોષાલ અને ગાયક વિશાલ મિશ્રાએ સોનુને ઝડપથી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી હતી.

'રોડીઝ' ફેમ ચાર્લી ચૌહાણે ક્રિકેટર રમનદીપ સિંહ સાથે લગ્ન કર્યાં

મુંબઈ, તા. 09 : અભિનેત્રી ચાર્લી ચૌહાણે ક્રિકેટર રમનદીપ સિંહ સાથે પોતાના લગ્નની જાહેરાત કરીને ચાહકોને સરપ્રાઇઝ આપી છે. પરિવાર અને નજીકના મિત્રોની હાજરીમાં આ યુગલે સાતમી ઓગસ્ટે ગુરુદ્વારામાં પરંપરાગત શીખ વિધિથી ખાનગી સમારંભમાં લગ્ન કર્યાં હતાં. આ પ્રસંગે ક્રિકેટર અર્શદીપ સિંહ, નમન ધીર, અશ્વિની કુમાર અને જસિન્દર સિંહ ઉપસ્થિત રહ્યા હતા. કોલકાતા નાઇટ રાઇડર્સ માટે રમતા રમનદીપ અને ચાર્લીએ વર્ષો સુધી પોતાના સંબંધોને લાઇમલાઈટથી દૂર રાખ્યા હતા. અભિનેત્રીએ ખુલાસો કર્યો હતો કે, પોતાના સંબંધને આગળના તબક્કે લઈ જતા પહેલા તેઓ આઠ વર્ષથી એકબીજાને ઓળખતા હતા. ચાર્લી અને રમનદીપે તેમના લગ્નની જાહેરાત એક સંયુક્ત ઇન્સ્ટાગ્રામ પોસ્ટ સાથે કરી જેમાં તેમના ખાસ દિવસના ફોટોગ્રાફ્સ દર્શાવવામાં આવ્યા હતા. લગ્ન માટે, ચાર્લી પરંપરાગત ઘરેણાં સાથે મરૂન બ્રાઇડલ લહેંગામાં ખૂબ જ સુંદર દેખાતી હતી, જ્યારે રમણદીપે ભરતકામવાળી ક્રીમ શેરવાની અને મરૂન પાઘડી ધારણ કરી હતી.

સમય રૈનાએ આસામ પૂરપીડિતો માટે રૂ. 10 લાખનું દાન આપ્યું

મુંબઈ, તા.09 : સ્ટેન્ડઅપ કોમેડિયન સમય રૈનાએ આસામના પૂર પ્રભાવિત સમુદાયોને મદદનો હાથ લંબાવતા આસામ મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂ. 10 લાખનું દાન આપ્યું છે. આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કોમેડિયન અને કન્ટેન્ટ ક્રિએટરનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે, આવા યોગદાનથી રાહત અને પુનર્વસનના પ્રયાસો મજબૂત બને છે. આસામ મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા એક્સ પર આરટીજીએસ ટ્રાન્ઝેક્શન રસીદ સાથે આ સ્વીકૃતિ શેર કરવામાં આવી હતી. ઓફિશિયલ હેન્ડલે લખ્યું, "આસામના મુખ્યમંત્રી ડો. હિમંત સરમા સમય રૈના દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂ. 10 લાખના યોગદાનનો આભાર માને છે.

100%
સુધીની છૂટ
દાગીનાની ઘડામણ પર
KALA